"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ : એ.જી.ટી.ટીએ/૨૦૧૯-૨૦૨૦/પરિપત્ર/૧૪ તા.૦૮-૦૫-૨૦૧૯

પ્રતિ,
સર્વ એસોસીએશન જોગ,
સર્વ સભાસદ ભાઈઓ,

**<u>સૌ વાહન ચાલકો તેમજ ટ્રાન્સપોર્ટરોની જાણ સારૂં</u>**

માનનીયશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે હાઈવે ઉપર ધીમા તેમજ ભારે વાહનોએ ડાબી બાજુના ટ્રેક પર ચલાવવું જરૂરી છે તે અંગેની જાહેરાત જે-તે હાઈવે ઉપર નિઓન સાઈન તેમજ બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે. છતાંય ઘણી વખત આવા વાહનો જમણી બાજુની ટ્રેકમાં ચલાવે છે. જે નાના, ઝડપી વાહનો તેમજ ઓવર ટેકીંગ માટે હોય છે. આ બાબતે ખાસ કરીને ભીલાડથી કામરેજ વચ્ચે ઘણાં કેસ થયેલ અને તે અંગે સુરત રેન્જ આઈ.જી. દ્વારા બોલાવવામાં આવેલ મીટીંગમાં ઉપરોક્ત બાબતના નિયમન અંગે સમજણ આપવામાં આવેલ. તો આ બાબતે આપણાં સૌ દ્વારા આ નિયમનના અમલવારી અંગે સૌ કોઈનું ધ્યાન દોરવું જરૂરી છે. જેથી કરીને હાઈવે ઉપર વહનના નિયમનું પાલન થઈ શકે તેમજ હાઈવે ઉપર થતાં અકસ્માતોને નિવારવા આપણાં સૌનો સહકાર મળી રહે તેમજ આવી કોઈ દંડકીય કાર્યવાહી માંથી આપણાં વાહનો બચી શકે.

રાજ્ય સરકારના ટ્રાન્સપોર્ટ વિભાગની કચેરીમાં તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથેની મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ આપણાં વાહનોની પાછળ સરકાર માન્ય (BSiv માન્યતા પ્રાપ્ત) રેડીયમ ટેપ હાઈવે પરની સેફ્ટી માટે લગાવવી જરૂરી છે. પણ તે આપણે ઓપન માર્કેટમાંથી કોઈપણ જગ્યાએથી મેળવી શકીએ છીએ. આ ઉપરાંત ગાડીની પાછળ લગાવવાતી રીઅર માર્કર પ્લેટ બધી ગાડીઓમાં લગાવવી જરૂરી નથી, પણ મલ્ટી એક્સલ તેમજ ટ્રેઈલર પાછળ ફરજીયાત પણે લગાવવી જરૂરી છે, પણ ઓપન બજારમાંથી મેળવીને લગાવી શકાય.

ખાસ જણાવવાનું કે જૂના વાહનો કે જેમાં એક્સ્ટર્નલ સ્પીડ ગવર્નર ફીટ કરાવવાના નિયમ અંગે ફીટ કરાવતી વખતે મેળવેલ બીલ તેમજ સર્ટીફીકેટ બીજી વખતે ફીટનેશ કરાવતા રીન્યુ કરાવવાની જરૂર રહેતી નથી. જો આવી કોઈ જરૂરીયાતની ફરજ પાડવામાં આવે તો આપણી સંસ્થાના કાર્યાલયમાં તુરત જ સંપર્ક કરવો.

ઘણીબધી ગાડીઓમાં જેની બોડી કેબીન કંપની મેડ નથી હોતી તેમાં આગળના ભાગે નંબર પ્લેટની ઉપર પગથિયું રાખવામાં આવે છે, જે એચએસઆરપી પ્લેટ કે જે ચેકપોસ્ટ ઉપર કેમેરા દ્વારા વાંચતી વખતે અડચણરૂપ બને છે. આ ઉપરાંત ઘણા વાહનોમાં હાર, લટકણીયા વગેરે લગાવવામાં આવે છે, જે નંબર પ્લેટ વાંચવામાં તેમજ લેઝર બીમથી ગાડીની લંબાઈ-પહોળાઈ માપવામાં અડચણરૂપ બને છે અને ગાડીની લંબાઈ-પહોળાઈનું ખોટું વાંચન આપે છે. આ અંગે ટ્રાન્સપોર્ટ વિભાગમાંથી આપણને ખાસ સુચન કરવામાં આવેલ છે કે નંબર પ્લેટ ઉપરના પગથિયાને દુર કરવું તેમજ વધારાના કોઈ લટકણિયા, હાર ગાડી બહાર ન લગાવવા જેથી ગાડીના લંબાઈ-પહોંળાઈ ના ખોટા વાંચનથી કોઈ દંડકીય કાર્યવાહી નિવારી શકાય.

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



આ ઉપરાંત વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી દ્વારા આપણને ખાસ જણાવેલ છે કે રાજયમાં રજીસ્ટર્ડ થયેલ સૌ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવી ફરજીયાત છે અને જો કોઈને પણ લગાવવાની બાકી હોય તો તુરત જ લગાવડાવી દેવી. વધુમાં આપની જાણકારી માટે દરેક ચેકપોસ્ટ ઉપર પણ આ નંબર પ્લેટ દ્વારા કેમેરાથી ગાડીની તમામ વિગતો કોમ્પ્યુટર દ્વારા મેળવવામાં આવે છે જેથી ચેકપોસ્ટ ઉપરની કાર્યવાહી ઝડપી અને સરળ બને, પણ બીજા રાજયમાં રજીસ્ટર્ડ થયેલી ઘણીબધી ગાડીઓમાં આ નંબર પ્લેટ નહી હોવાને કારણે ચેકપોસ્ટની કાર્યવાહી લંબાય છે અને તેથી આપણી રાજય સરકારે તે અંગે તેવી ગાડીઓને સરકારી દરે ચેકપોસ્ટ ઉપર એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની વ્યવસ્થા અંગે વિચારી રહી છે તો આ બાબતે આપણી સાથે સંલગ્ન એવા પરપ્રાંતમાં રજીસ્ટર્ડ થયેલ ટ્રાન્સપોર્ટરોની ગાડીઓ, ટ્રાન્સપોર્ટરો તેમજ આપણી પોતાની પરપ્રાંતમાં રજીસ્ટર્ડ થયેલ ગાડીઓ અંગે જાણકારી લેવી કે આપીને સહકાર આપવા યોગ્ય કરવા વિનંતી.

ઉપરોકત જણાવેલ બધી બાબતો ખુબ જ અગત્યની છે અને તે આપની જાણકારી સારૂં છે તો આ વાંચી-સમજી કે સમજાવીને આપણે આપણો સમય કે આર્થિક નુકશાન કે દંડકીય કાર્યવાહીથી બચી શકીએ છીએ અને સારા કાયદાના નિરૂપણ માટે સરકારશ્રીને સહકાર પણ આપી શકીએ છીએ.

આપના સહકારની અપેક્ષા સહ.

આપના વિશ્વાસુ

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)